R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ **સાપ્તાહિક**

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

(મો)૯૮૨૫૧૬૯૩૮૬
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

વેબ સાઇટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-25 • ISSUE: 46 DATE: 12-11-16• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિચી એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## NDTVનું પ્રસારણ બંધ કરવાના સરકારના નિર્ણયને એડિટર્સ ગિલ્ડે પ્રેસ સ્વાતંત્ર પરની તરાપ ગણાવી

કેન્દ્ર સરકારે એનડીટીવીનું એક દિવસનું પ્રસારણ બંધ કરવાનો આદેશ જારી કર્યો તેને એડીટર્સ ગિલ્ડ ઓફ ઈન્ડીયાએ પ્રેસ સ્વાતંત્ર પરની તરાપ સમાન ગણાવ્યો હતો.એડિટર્સ ગિલ્ડ ઓફ ઈન્ડીયાએ એનડીટીવી હિન્દી ચેનલનું એક દિવસ માટે પ્રસારણ રોકવાના ઈન્ટર -મિનિસ્ટ્રીયલ કમિટીના અભુતપુર્વ નિર્ણયની આકરી ટીકા કરી હતી અને પ્રેસ સ્વાતંત્રનું પ્રત્યક્ષ ઉલ્લંઘન ગણાવ્યુ હતું.સંપાદકોના સમુહે માંગ કરી છે કે આદેશને તત્કાળ રદ કરી દેવામાં આવે. અધિકૃત સુત્રોના અનુસાર માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા રચાયેલી આ કમિટીએ નિષ્કર્ષ પર પહોચી હતી કે જાન્યુઆરીમાં પઠાણકોટ આઈએએફ બેઝ પર થયેલા આતંકવાદી હુમલાના કવરેજ સમયે એનડીટીવી ઈન્ડીયાની ચેનલે મહત્વપુર્ણ અને વ્યુહાત્મક રીતે સંવેદનશીલ વિગતોનો ખુલાસો કર્યો હતો.માહીતી અને પ્રસારણ મંત્રાલયે કહ્યુ હતું કે એનડીટીવી ઈન્ડીયાને આદેશ આપ્યો છે કે તે ૯ નવેમ્બર, ૨૦૧૬ના દિવસની શરુઆતથી એટલે કે ૮ નવેમ્બર રાત્રે ૧૨,૦૧વાગ્યાથી ૧૦ નવે. ૨૦૧૬ના રોજ રાત્રે ૧૨.૦૧ સુધી પ્રસારણ અથવા પુનઃ પ્રસારણ સમગ્ર ભારતમાં દરેક પ્લેટફઊોર્મ પર બંધ રાખશે.

ચેનલના પ્રસારણ પર એક દિવસના પ્રતિબંધ વિશે સરકાર સામે વિપક્ષોએ આકરી ટીપ્પણી કરી છે.દરમિયાન દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે તથા કોગ્રેસના દિગ્વિજયસિંહે સુચન આપતાં કહ્યુ હતું કે પ્રતિબંધના દિવસે તમામ ચેનલો અને અખબારોએ ક્રમશઃ પ્રસારણ અને પ્રિન્ટીંગ બંધ રાખીને વિરોધ કરવો જોઈએ.બીજી તરફ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ આ નિર્ણયને કટોકટીકાળના નિર્ણય સાથે સરખાવ્યો હતો.જ્યારે કોગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ સરકારના આ નિર્ણયને આંચકાજનક કહ્યો હતો. એનડીટીવીની ચેનલ પર લાદેલ પ્રતિબંધની સામે દેશભરમાંથી ભારે આક્રોસ અને વિરોધ જોવા મળી રહ્યો છે.સરકારના સરમુખ્યતારશાહી વલણ તરફ લોકોનો આક્રોશ વધી રહ્યો છે.

## દેશની રાજધાની દિલ્હીમાં વિક્રમજનક પ્રદુષણે ગેસ ચેમ્બર જેવું વાતાવરણ સર્જતાં નાગરિકોના સ્વાસ્થ જોખમાયા

દિલ્હી એટલે દેશની રાજધાની, જેમાં બેઠેલા શાશકોએ આખા દેશના ભવિષ્ય અને આરોગ્યની ચિંતા કરવાની હોય તેમની પરિસ્થિતિ ચિંતાજનક બની જાય તો પછી અન્યોનું શું થાય. દિલ્હીમાં વાયુ પ્રદુષણ વધી રહ્યુ છે તે માટે ડીઝલના વાહનો પર પ્રતિબંધ મુકતો હુકમ કોર્ટેએ કર્યો અને ચિંતા વ્યક્ત કરી પરંતુ શાસકોના પેટનુ પાણી હાલ્યુ નહી. પરિણામે હવે એવી ભયજનક સ્થિતિ પેદા થઈ કે જેમાં હજારો નાગરિકોના સ્વાસ્થનું જોખમ ઉભુ થયું છે.એકબીજાના માથે દોષનો ટોપલો ઓઢાઢવાની રીત રસમો હજુ પણ ચાલુ છે. કહેવાય છે કે આ પરિસ્થિતિ માટે પંજાબના ખેડુતો ઘાસ સળગાવે છે તેનો ઘુમાડો દિલ્હી પર ઉતર્યો છે.કેટલાક ફટાકડા.કેટલાક ફોગ, કેટલાક વાહનોનું પ્રદુષણ,કોલસાની ભઠ્ઠીઓ,ઊધોગો વિગેરે ઉપર મારો ચલાવી રહ્યા છે. ઉકેલ શોધ્યો જડતો નથી.પરિણામે હજારો લોકોના સ્વાસ્થ બગડી રહ્યા છે.પ્રદુષણને કારણે શ્વાસને લગતી તકલીફો વધી ગઈ છે.બાળકોમાં આ સમસ્યા વધુ વકરી છે.સ્થાનિક ડોકટરો દ્વારા એન્ટી એલર્જી અને કફની દવાઓ પ્રિસ્કાઈબ કરવાનું પ્રમાણ વધ્યું છે.દવાઓની અછત ઉભી થઈ છે દિવાળી દરમિયાન ફટાકડાઓના પ્રદુષણને કારણે શ્વાસના રોગીઓની હાલત એકદમ ખરાબ બની છે.ઘુમાડા અને હવાની અશુધ્ધિને કારણે માસ્ક અને એક પ્યુરીફાયરના વેચાણમાં ઝડપી વધારો થયો છે.ફાર્મા કંપનીઓ માટે વેચાણનું પ્રમાણ ખુબજ વધી ગયું હોવાથી તેમનો લક્ષાંક પાર થઈ જવાની ઘડીઓ ગણાઈ રહી છે.આવતા સમયમાં ૨૦ ટકા વધુ દર્દીઓનો વધારો થવાની શક્યતાઓ દેખાઈ રહી છે.

## વિદેશોમાંથી ફંડ મેળવતી ૧૧૦૦૦થી વધુ એનજીઓની માન્યતા રદ કરાઇ

કેન્દ્ર સરકારે કોઈપણ રજીસ્ટ્રેશન વગર વિદેશમાંથી આડેધડ નાણાં મેળવતી એનજીઓ પર તેની લગામ કસવાનું ચાલુ રાખ્યું છે.તેણે જુન સુધીમાં નોંધણી રિન્યુ ન કરાવતી ૧૧૦૦૦થી વધુ એનજીઓની માન્યતા રદ કરી દીધી છે.આમ , હવે તેઓ વિદેશી ભંડોળ નહી મેળવી શકે. કેન્દ્રીય ગૃહમંત્રાલયે જણાવ્યુ છે કે આ વર્ષના ૩૦ જુલાઈ સુધી ફોરેન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એક્ટ હેઠળ રજીસ્ટ્રેશન રિન્યુ કરવા માટે અરજી ન કરનાર ૧૧૩૧૯ સંગઠનોનું રજીસ્ટ્રેશન રદ કરી દેવાયું છે.સંગઠનોનું રજીસ્ટ્રેશન પહેલી નવેમ્બરે રદ થવાનું હતું.

આ યાદીમાં અનાથ આશ્રમો ચલાવતી આશરે ૫૦ જેટલી સંસ્થાઓ, સેકંડો સ્કુલો અને ઈન્ડીયન સ્ટેટિસ્ટિકલ ઈન્સ્ટિટ્યુટ જેવી સંસ્થાઓ અને ગલીના બાળકો માટે કામ કરતી પ્રતિષ્ઠિત એનજીઓનો સમાવેશ થાય છે.૨૦૧૫માં ગૃહમંત્રાલયે ૧૦૦૦૦ એનજીઓનું રજીસ્ટ્રેશન રદ કર્યુ હતું.આ સંસ્થાઓએ સતત ત્રણ વર્ષ સુધી તેમનું રિટન્સ ફાઈલ કર્યુ નહોતું. આમાંના મોટાભાગના સંગઠનો બંધ થઈ ગયા હતા. અથવા એફસીઆરએ રજીસ્ટ્રેશન ધરાવતાં નહોતા.૧૯૭૬ચના કાયદાને બદલે અમલમાં આવેલા ફોરિન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એક્ટ ૨૦૧૦માં કાયમી રજીસ્ટ્રેશનની સિસ્ટમ બંધ કરી દેવાઈ હતી.

## વન રેન્ક પેન્સનના મામલે પુર્વ સૈનિકની આત્મહત્યાના મામલે દિલ્હીના મુખ્યમંત્રી અને કોગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની પોલીસે અટકાયત કરી



વન રેન્ક પેન્સન (ઓઆરઓપી)ને લઈને દિલ્હીમાં પુર્વ સૈનિક રામકિશન ગ્રેવાલની આત્મહત્યાનો મામલે રાજકીય ગરમાવો આવી ગયો હતો.જેમાં રાજકીય ઘર્ષણ ઉભુ થવા પામ્યુ હતું. આત્મહત્યાનો કરનાર સૈનિકના સગાઓને આશ્વાસન આપવાના મુદ્દે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ,તેમના મંત્રી શિસોદીયા તેમજ કોગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીને અટકાવવામા આવ્યા હતા અને તેમની અટકાયત કરવામાં આવી હતી.ત્યારબાદ રામકિશન પુર્વ સૈનિક જેમણે આત્મહત્યા કરી હતી તેનીયાદમાં જંતર-મંતર પર કેન્ડલ માર્ચમાં સામેલ થવા જઈ રહેલા કોગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીને પોલીસે ફરીથી એકવાર કસ્ટડીમાં લીધા હતા.દિલ્હીમાં પોલીસ કેન્દ્ર સરકારના આદેશોનું પાલન કરે છે.પોલીસે બે દિવસમાં રાહુલને ત્રીજી વાર કસ્ટડીમાં લીધા હતા.જો કે મોડી રાત્રે તેમને મુક્ત કરી દેવાયા હતા.કોગ્રેસે આ મુદ્દે શિવસેનાએ સમર્થન આપતાં કહ્યુ હતું કે દિલ્હી પોલીસે રાહુલ ગાંધીની કરેલી અટકાયતની ઘટના શરમજનક



છે.રાહુલ ગાંધીએ એવી જીદ પકડી હતી કે સૈનિકની આત્મહત્યાના મામલે વડાપ્રધાનો દેશની માંફી માંગવી જોઈએ.જો કે રામકિશન ગ્રેવાલની અંતિમ વિધિમાં રાહુલ ગાંધી અનો અરવિંદ કેજરીવાલ ઉપસ્થિત રહ્યા હતા.બો દિવસ દિલ્હીનું વાતાવરણ તંગ રહ્યુ હતું.

## અસહિષ્ણુતાના દેશમાં વધી રહી છે જે આપણા માટે અભિશાપ છે : રતન તાતા

અસહિષ્ણુતાના મુદ્દે દેશમાં ભારે ઉગ્રતાથી ચર્ચાઓ ચાલી હતી.પરંતુ આ મુદ્દાને એન્કાઉન્ટર કરી દેવાયો.ત્યારબાદ એકદમ શાંતિ સ્થપાઈ. પરંતુ અસહિષ્ણુતાનો મુદ્દો ફરી એક વાર ચર્ચામાં આવી ગયો છે.દેશના મોટા ઉદ્યોગપતિ ગણાતા રતન તાતાએ દેશમાં ફરી એક વાર અસહિષ્ણુતા વધી રહી છે જે આપણા માટે અભિશાપ છે.હું માનું છું કે દરેક વ્યક્તિ જાણે છે કે આ અહિષ્ણુતા ક્યાંથી આવી રહી છે.દેશના હજારો-લાખો લોકો ઈચ્છે છે કે દેશ અસહિષ્ણુતાથી મુક્ત રહે.

ગ્વાલિયરમાં એક સમારંભને સંબોધન કરતાં રતન તાતાએ જણાવ્યું હતું કે દેશમાં પ્રેમનું વાતાવરણ ઈચ્છુ છું . અમે ઈચ્છીએ છીએ કે જનતા વિજેતા અને વિચારક બને. ચર્ચા,વિચાર અને અસહમતિ તંદુરસ્ત સમાજની ઓળખ છે.આ અગાઉ ચેન્નાઈ ખાતેના એક કાર્યક્રમમાં રતન તાતાએ જણાવ્યુ હતું કે કોણે શું કરવું તે નક્કી કરવાનીઆિઝાદી તે વ્યક્તિને હોવી જોઈએ. લોકોએ શું કરવું અને શું ના કરવું તે સરકારે કહેવું જોઈએ નહી.આમ કરવાથી વિશ્વમાં ભારતની છબી સુધરશે.

જો ભારતને વર્તમાન અને ભવિષ્યમાં ચમકવું છે તો લોકોને નિર્ણય લેવાની આઝાદી હોવી જોઈએ. સરકાર તેના પર નજર રાખી શકે છે.પરંતુ એમ કહી ના શકે કે જનતાએ શું કરવું જોઈએ.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઇ શકાશે.

## નવ ક્રાંતિ

દેશની જનતાને કોઈપણ સરકાર કરતાં ન્યાયતંત્ર પર ભરોસો અને આદર છે.દેશમાં આવેલી અનેક સરકારોના કાન આમળવાનું અને તેમની ભુલો પ્રત્યે સજાગ કરવાનુ કામ અદાલતો કરે છે અને તેમના શીરે આ જવાબદારી છે.વર્તમાન સમયમાં સરકાર અને સુપ્રીમ કોર્ટ આમને સામને આવી ગયાં છે. છેલ્લા કેટલાક સમયમાં સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદાઓ પણ સરકારીના વિરોધમાં ગયા છે. અને કોર્ટે કેન્દ્ર સરકારની આકરી ટીકાઓ પણ કરી છે.અને જે બાબતોએ સુપ્રીમે નોધ લીધી અને ટીકાઓ કરી તેમાં પ્રથમ દષ્ટ્રિએ સરકાર કસુરવાર જણાય છે.

હવે સુપ્રીમ કોર્ટે ન્યાયાધીશોની નિમણુંક અંગે તાજેતરમાં કેન્દ સરકારની ઝાટકણી કાઢી.કોર્ટેનો આગ્રહ છે કે નિષ્ઠાવાન અને સ્વતંત્ર(તટસ્થ) ન્યાયાધીશોની નિમણુંક થાય.પરંતુ સરકાર આ કામમાં વિલંબ કરી રહી છે.તેથી એવુ લાગી રહ્યુ છે કે સરકારને પોતાને તાબે રહે અને સરકારની પીપુડી વગાડતા રહે તેવા ન્યાયાધીશોની શોધ કરીને તેમને મુકવા જેથી સરકારે લીધેલા નિર્ણયો કોર્ટ તરફથી બેજવાબદાર નિર્ણયો કહી ટીકા થાય અને દુર કરાય.પરિણામે સરકાર અને સુપ્રીમ કોર્ટ વચ્ચે દિવસે દિવસે અંતર વધતુ રહ્યુ છે.વર્તમાન મુખ્ય ન્યાયાધીશ શ્રી.ટી.એસ.ઠાકુર સરકાર સામે રોષ વ્યક્ત કરે છે તેમજ લાગણીઓના વેગને રોકી ન શકતાં જાહેરમાં આંસુ પણ સારે છે. જે બતાવે છે કે કેન્દ્ર સરકારમાં બેઠેલા કેટલાક લોકોને ન્યાયાલયમાં પોતાની તરફેણ કરતાં ન્યાયાધીશોની જ નિમણુંક કરવામાં રસ છે તેથી આ પ્રક્રિયાને વિલંબિત કરી રહ્યા છે.

મુખ્ય ન્યાયાધીશની મનોકામના છે કે દેશની જનતાને લાબી કંટાળાજનક ન્યાય પધ્ધતિમાંથી છુટકારો મળે તે જોવાની છે.જો કે તેને વાજબી અને ઈચ્છનીય કહેવામાં કોઈ વાંધો નથી.ન્યાયતંત્રને વેગવાન બનાવવાની જરુર છે.લોકોને સમયસર ન્યાય નહીં મળે તો ન્યાય મેળવવા માટે અન્ય કોઈ આસરો તેઓ મેળવવા માટે પ્રેરાય અને પરિણામે સામાજીક વ્યવસ્થા ખોરવાઈ જાય.અદાલતોમાં કેસોનો ભરાવો છે તે જોતા જો અસરકારક પગલાં લઈને ન્યાયાધીશોની નિમણુંકો કરવામાં નહી આવે તો કેસોના ઢગલાઓ વધતા જશે અને દેશના નાગરિકોને હવે લાંબી લચક ન્યાય પધ્ધતિમાંથી વિશ્વાસ ઉઠવા લાગ્યો છે તેને રોકી નહીં શકાય.

વડાપ્રધાને આ બાબતે ઝડપી નિર્ણયો લેવામાં કચાશ રાખવી પોષાશે નહી. જો કે તેમની પાસે અનેક સમસ્યાઓ છે. અને દરેક સમસ્યાઓ પર તેઓ કામ કરી તેનો નિકાલ કરે તેવી ઈચ્છા રાખવી પણ વ્યાજબી નથી.પરંતુ સહુ કોઈ એવું માનીએ બેઠા છે કે મોદીજી આ બધુ સરખુ કરી દેશે.આવું માનવું એટલું સરળ નથી.પરંતુ હાલમાં સરકાર અને કોર્ટ બેઉ સંસ્થાઓ આપસમાં ટકરાય તો તેમાં દેશનું મોટું નુકશાન થવાનો સંભવ બની શકે છે.કોઈ વ્યક્તિ કે વ્યક્તિઓનો ઈગો આવી બાબતોમાં આવવો જોઈએ નહીં. કારણકે આ બાબત માત્રને માત્ર સમગ્ર દેશને અસરકર્તા છે.

## ચેનલો પર પ્રતિબંધ એટલે દેશમાં બીજી કટોકટીનું આગમન : કરુણાનિધિ

એનડીટીવી પર એક દિવસના પ્રતિબંધને વિચારોની અભિવ્યક્તિની સ્વતંત્રતા પર તરાપ સમાન ગણાવતાં દ્રમુક નેતા કરુણાનિધિએ કહ્યુ કે ચેનલ પર પ્રતિબંધ એટલે દેશમાં બીજી વખત કટોકટીનું આગમન ગણી શકાય

## શું સરકાર અદાલતોને તાળા મારવા માંગે છે ? સર્વોચ્ચ અદાલત અને સરકાર વચ્ચે મઠાગાંઠ

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસે અદાલતોમાં ન્યાયાધીશોની નિયુક્તિ પર સરકાર દ્વારા થઈ રહેલા વિલંબ સામે પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો.કેન્દ્ર સરકાર દ્વારા અદાલતોના ન્યાયાધીશોની નિયુક્તિ પર ઉધડો લેતાં સવાલ કર્યો હતો કે શું સરકાર અદાલતોને તાળાં મારી દેવાના પ્રયાસ કરી રહી છે ? હાઈકોર્ટોમાં ન્યાયાધીશોની નિયુક્તિ પરની જાહેર હિતની અરજીની સુનાવણી કરતાં મુખ્ય ન્યાયમુર્તિના વડપણ હેઠળની બેન્ચે જણાવ્યુ હતું કે સરકાર જજોની નિયુક્તિ નહીં કરીને સમગ્ર ન્યાયતંત્રને સ્થગિત કરી શકે નહીં.એક સમય એવો હતો કે જ્યારે કોર્ટરુમ ઓછા અને ન્યાયાધીશો વધારે હતા.અત્યારે ન્યાયાધીશોની નિયુક્તિન હોવાથી કોર્ટરુમોને તાળાં મારી રાખવા પડે છે.જો ન્યાયિક નિયુક્તિઓ ફાસ્ટ ટ્રેક પર નહીં લવાય તો અને પીએમઓ અને કાયદા મંત્રાલયના સચિવોને તેડુ પાઠવીશું.

સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે અમે નામ પસંદ કરીને આપી દીધા છતાં ૯ મહિનાથી સરકાર તેના પર કોઈ નિર્ણય લેતી નથી.અમે સરકારને સિસ્ટમ અવરોધવાની પરવાનગી આપી શકીએ નહીં.સરકાર નવી મેમોરેન્ડમ ઓફ પ્રોસિજરની રાહ જોવામાં ન્યાયાધીશોની નિયુક્તિ અટકાવી શકે નહીં.સુપ્રીમ કોર્ટના કોલેજિયમે ૭૭ નામ મોકલાવ્યા હોવા છતાં સરકારે ફક્ત ૧૮ નામને જ મંજુરી આપી છે.દેશની ૨૪ હાઈકોર્ટમાં ૧૦૪૧ જજોની મંજુરી સામે અત્યારે ૪૫૦ કરતાં વધુ ન્યાયાધીશોના પદ ખાલી પડ્યા છે.સુપ્રીમ કોર્ટે અલ્હાબાદ હાઈકોર્ટમાં ૩૫ ન્યાયાધીશોની નિયુક્તિની મંજુરી આપી દીધી હતી છતાં સરકાર તરફથી કોઈ પગલાં લેવાયા નથી.અલ્હાબાદ હાઈકોર્ટમાં મંજુર કરાયેલા ન્યાયાધીશોની સંખ્યા ૧૬૦ છે જેની સામે ફક્ત ૭૭ ન્યાયાધીશો નિયુક્ત કરાયા છે.

એટર્ની જનરલનો ઉધડો લેતાં સુપ્રીમે જણાવ્યુ હતું કે શું તમે ન્યાયતંત્રને તાળા મારવા માંગો છો ? રાજ્યોની હાઈકોર્ટોમાં ૬૦ ટકા કરતાં પણ ઓછા ન્યાયાધીશો છે. ન્યાયતંત્રને આ રીતે સ્થગિત થવા દેવાય નહીં. જવાબમાં એટર્ની જનરલ મુકુલ રોહતગીએ સુપ્રીમ પાસે ૧૧ નવેમ્બર સુધીનો સમય માગી વચન આપ્યું હતું કે સરકારના પક્ષે ન્યાયાધીશોની નિયુક્તિમાં કોઈ અવરોધ ઉભો કરાતો નથી. જો નવી પ્રોસિજર તૈયાર થઈ જશે તો ન્યાયાધીશોની નિયુક્તિ ઝડપથી થશે. આ પ્રોસિજર તૈયાર ન હોવાથી નિયુક્તિમાં વિલંબ થઈ રહ્યો છે.રોહતગીની રજુઆતને સુપ્રીમે ફગાવી દેતાં જણાવ્યુ હતું કે સરકાર અગાઉ જુની પ્રક્રિયા પ્રમાણે જજોની નિયુક્તિ માટે સંમત થઈ હતી તેથી આ કારણ ગળે ઉતરતું નથી.

વિશ્વભરમાં ફકત ભારતમાં જ ન્યાયાધીશોની નિયુક્તિ માટે કોલેજિયમ સિસ્ટમ અમલી છે.૧૯૯૩માં સુપ્રીમ કોર્ટ દ્વારા કોલેજીયમ સિસ્ટમનો પ્રારંભ થયો હતો. આ પ્રોસેસમાં ન્યાયાધીશોની નિયુક્તિ માટે ટોચના ન્યાયાધીશો નિર્ણય લે છે અન તેમાં સરકાર દ્વારા કોઈ હસ્તક્ષેપ કરાતો નથી. ન્યાયાધીશોની બદલીના નિર્ણય પણ કોલેજીયમ દ્વારા લેવાય છે.

યુનીયન સ્ટેટિસ્ટીકસ એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લીમેન્ટેશન મિનિસ્ટર સદાનંદ દેવગોવડાએ કહ્યુ હતું કે દર વખતે સરકારને બદનામ કરવી સારી નથી.હું કાયદામંત્રી હતો ત્યારે મે ચીફ જસ્ટીસને લખ્યુ હતું કે નવી પ્રોસિજરને મંજુર થતાં સમય લાગી શકે છે.કારણકે અમારે તમામ રાજ્યોનો સંપર્ક કરવાનો હોય છે.અમે જુની પ્રોસિજર પ્રમાણે આગળ વધીશું. સરકાર સુપ્રીમના નિર્દેષ પ્રમાણે જજોની નિયુક્તિ કરવા આતુર છે.જો સદાનંદદેવગોવડાની વાત સાચી હોય તો અત્યાર સુધીમાં જજોની નિયુક્તિ થઈ જવી જોઈએ.પરંતુ સરકારની તરફેણ કરી શકે તેવા જ જજોની નિયુક્તિ કરવાની હોવાની શંકા છે જેના કારણે નિયુક્તિ થઈ શકી નથી તેવો જાણકારોનું માનવું છે.

કોગ્રેસે જણાવ્યુ હતું કે આગામી મહિનાથી શરુ થઈ રહેલા સંસદત સત્રમાં કોગ્રેસ ન્યાયાધીશોની નિયુક્તિમાં થઈ રહેલા વિલંબ માટે સરકાર પાસે જવાબ માંગશે. આનંદ શર્માએ જણાવ્યુ હતું કે જજોની નિયુક્તિમાં થઈ રહેલો વિલંબ સ્વીકાર્ય નથી.

## અંકુશ રેખા પર ઘુસણખોર ત્રાસવાદીઓ દ્વારા એક લશ્કરી જવાનનુ મસ્તક કાપી લઇ જવાયું

કુપવાડાના માછીલ ક્ષેત્રમાં કેટલાક ઘુસણખોર ત્રાસવાદીઓ સાથે થયેલ અથડામણમાં ત્રાસવાદીઓ એક જવાનના મૃતદેહને ક્ષતવિક્ષિત કરી ભાગી છુટ્યા હતા.ત્રાસવાદીઓ તેમની સાથે આ જવાનનું મસ્તક લઈ ગયા હતા.શહીદ જવાન ૧૭મી શીખ રેજીમેન્ટનો હતો.ભારતીય સૈન્યના પ્રવકતાએ વળતો જવાબ એ જ રીતે આપવામાં આવશે તેવુ કહ્યુ હતું.પાક.રેજર્ન્સ દ્વારા થઈ રહેલા કવરિંગ ગોળીબારની આડમાં ત્રાસવાદીઓ ઘુસી આવ્યા હતા.જો કે ઘુસણખોરીના પ્રયાસને નાકામયાબ બનાવાયો હતો.જો કે બીએસએફના એડીજીના જણાવ્યા પ્રમાણે છેલ્લા એક સપ્તાહમાં ભારતીય સેનાએ આપેલા જડબાતોડ જવાબને કારણે ૧૫ પાકિસ્તાની જવાન માર્યા ગયા હતા.સરકારે પાકિસ્તાનને ૧૦ ગણી તાકાતથી જવાબ આપવાનો આદેશ આપ્યો હતો.પીઓકેમાં ભારતીય સેનાની સર્જીકલ સ્ટ્રાઈક બાદ ૫૬ વખત યુધ્ધવિરામનું ઉલ્લંઘન કરી ચુકેલ પાકિસ્તાની સેનાએ જમ્મુ,કઠુઆ અને રાજૌરી જિલ્લામાંથી એલઓસી અને આંતરારાષ્ટ્રીય સરહદ પર આવેલી ભારતીય ચોકીઓ અને નાગરિક વિસ્તારો પર ભીષણ મોર્ટરમારો અને ગોળીબારો ચાલુ રાખ્યા હતા.

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-૦૭૯ ૬૫૨૧૪૭૫૬

ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક:એ. એમ. મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

# દિવ્ય અને ભવ્ય ગુજરાતની વિકાસજ્યોતના પ્રકાશને પોખીએ

# લોકહિતના અનેક પરિણામલક્ષી સંવેદનશીલ નિર્ણયો જનજનને વિકાસના વિશ્વાસની પ્રતીતિ

★સૌની યોજના અંતગર્ત સૌરાષ્ટ્રના ૧૧૫ જળાશયો નર્મદાના નીરથી ભરાશે.
દસ જળાશયોમાં નર્મદાના નીરના વધામણાં, પરિણામે સૌરાષ્ટ્રમાં સમૃધ્ધિના દ્વાર ખુલ્યા.

★રૂા.૪૮૦૦ કરોડના ખર્ચે આદિજાતિ વિસ્તારોમાં પીવાના પાણી અને સિંચાઈની
કાયમી સગવડ આપવાનું આયોજન

★ધરતીપુત્રોની ચિંતા કરીને ખેતરના ઊભા પાકને મુરઝાતો બચાવવાની પરિસ્થિતિમાં ખેતરોમાં અપાતા વિજપ્રવાહને આઠ કલાક થી વધારીને દસ કલાક કરવાનો રાજ્ય સરકારનો ખેડતુલક્ષી નિર્ણય

★આઠ એકરથી વધુ જમીન ધરાવતા ખેડુતોને એજ સર્વે નંબરમાં બીજુ ખેત વીજ જોડાણ આપવાનો નિર્ણય

★રાજ્ય સરકાર હસ્તકના ૧૨ ટોલનાકા ઉપરથી નાના વાહનોને ટોલટેક્સમાંથી મુક્તિ

★ઊજાલા યોજના : સસ્તા ભાવે ૨.૫૦ કરોડથી વધુ એલઈડી બલ્બ વિતરણ કરી,ગુજરાત દેશમાં પ્રથમ

★ડીજીટલ કનેક્ટીવીટીના માધ્યમ દ્વારા તાલુકા કક્ષાએ મળતી નગારિક સેવાઓ છ હજાર ગામોમાં ઉપલબ્ધ

★બિન ખેતી સંદર્ભે ટીપી સ્કીમમાં રહેલા તમામ પ્લોટને ટાઉન પ્લાનર દ્વારાજ એક સાથે એનએ કરાવી શકે એવો રાજ્ય સરકારનો અસરકારક નિર્ણય

★શહેરી વિસ્તારોમાં ૧૨૫૦ ચો.ફુટ સુધીના મકાન બાંધકામ માટે પુર્વમંજુરી લેવામાંથી મુક્તિ અપાઈ

★સિકલસેલ એનીમીયાના દર્દીઓને પ્રતિ માસ રૂા. ૫૦૦ની સહાય

★ગરીબ પરિવારના સ્વજનના મૃતદેહને હોસ્પીટલથી તેમના વતન સુધી સરકારી ખર્ચે વિનામુલ્યે સન્માનપુર્વક પહોચાડવા રાજ્ય સરકારનો માનવતાલક્ષી નિર્ણય

★રાજ્ય સરકારના કર્મચારીઓની ભરતી પ્રક્રિયાની પ્રતિક્ષાયાદીનું કદ બમણું કરીને ૧૦ ટકાને બદલે ૨૦ ટકા કરવાનો કાંન્તીકારી નિર્ણય

★રાજ્ય સરકારના પાંચ લાખથી વધુ કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ
રાજ્યના તમામ પેન્શનરોને પેન્સનમાં સાતમા પગાર પંચનો લાભ આપવાનો રાજ્ય સરકારનો નિર્ણય : લઘુત્તમ પેન્શન રૂા. ૩૫૦૦ થી વધારીને રૂા.૯૦૦૦ કરાયું. : ગ્રેજ્યુટીની મહત્તમ મર્યાદા રૂા.૧૦ લાખથી વધારી રૂા.૨૦ લાખ કરાઈ

★સિરામિક ઉદ્યોગના વિકાસ માટે તેમને અપાતા પાઈપલાઈન ગેસના ભાવમાં પ્રતિ યુનિટે રૂા.૨.-૭નો ઘટાડો કરવાનો રાજ્ય સરકારનો પર્યાવરણલક્ષી સંવેદનશીલ નિર્ણય

★સંવેદનશીલ સરકારની ભેટ : રાજ્યની વિધવા લાભાર્થી બહેનોને વિધવા પેન્સન રૂા. ૧ હજાર પ્રતિ માસ આપવાની જાહેરાત : ૧,૫૨,૦૦૦ વિધવા બહેનોને લાભ.

★વિકસતી જાતિના કલ્યાણ માટેના નિગમોમાં વનટાઈમ સેટલ મેન્ટ યોજના : રૂા.૧૭૦ કરોડની રાહત : ફક્ત મુદ્દલની વસુલાત લેવાનો નિર્ણય : ૨૫ હજાર જેટલા પરિવારનોને થશે લાભ

★પ્રજાભિમુખતા અને પારદર્શિતા : વ્યક્તિલક્ષી યોજનાકીય લાભો માટે સેવાસેતુ અને સામુહિક રજુઆતોના નિરાકરણ માટે પ્રગતિ સેતુ નો નવતર અભિગમ.

# સૌનો સાથ , સૌનો વિકાસ

# બાળાસાહેબ ઠાકરેના મિલ્કત વિલમાં અસમાનતાએ મામલો કોર્ટેના દ્વારે

બાળાસાહેબ ઠાકરેના અવસાન બાદ મિલ્કતના કરાયેલ વિલમાં બે પુત્રો પૈકી હાલ શિવસેનાના પ્રમુખ ઉધ્ધવ ઠાકરેને અઢળક મત્તા અને બીજા પુત્ર જયદેવને કંઇ નહીના કારણે કાનુની જંગ શરુ થયો છે.આ પ્રકરણે આગામી સુનાવણી માટે શિવસેનાના સાંસદ સંજય રાઉતને મુંબઇ હાઇકોર્ટમાં હાજર રહેવાનું કોર્ટે ફરમાન કર્યુ છે.મુંબઇ હાઇકોર્ટમાં રાઉતની સાક્ષી લેવામાં આવશે.

જયદેવ ઠાકરેએ બાળાસાહેબના વસિયતનામાને અદાલતમાં પડકાર્યુ છે. આ કેસમાં જયદેવ હાઇકોર્ટમાં સાક્ષીદારોની યાદી રજુ કરી છે. આ યાદીમાં સંજય રાઉતનો સમાવેશ થાય છે.ગત સુનાવણી વખતે સંજય હાજર રહી શક્યા નહોતા. એથી નારાજ હાઇકોર્ટે સંજયને ૫મી ડિસેમ્બરે હાજર થવા સમન્સ પાઠવ્યું છે. આ કેસની સુનાવણી કરી રહેલા જસ્ટીસ ગૌતમ પટેલે સુનાવણી ૫મી ડિસેમ્બર પર રાખી છે.

રાઉત સાક્ષી આપવા નહીં આવે તો તેમને લાવવા પડશે એવો ઇશારો અદાલતે આપ્યો છે. છેવટે તે સાક્ષી માટે તૈયાર છે.શિવસેનાના મુખપત્ર સામના સંપાદકના નાતે સંજયની જુબાની નોધાવવાની અરજદારે માંગણી કરી છે. જયદેવ ઠાકરેના વકીલો રાઉતની ઉલટ તપાસ કરશે.

બાળા સાહેબનું વસિયતનામું પ્રમાણિત કરાવવા અનિલ પરબે હાઇકોર્ટમાં અરજી કરી હતી.જયદેવ ઠાકરેએ વસિયતનામાને પડકાર્યુ હતું. છેલ્લું વસિયતનામું ૧૩મી ડિસેમ્બર,૨૦૧૧ના રોજ બનાવાયું હતું.વસિયત નામામાં જયદેવ ઠાકરેને કંઇ ફાળવવામાં આવ્યુ નથી. સંપત્તિનો મોટો હિસ્સો ઉધ્ધવ ઠાકરેના માને કરાયો છે.


IN THE FOOTESTED OF JESUS

**HOLYLAND TOUR**

Exploring the journey of the
HOLY LAND
WELCOME TO
ISRAEL,JORDAN,EGYPT & DUBAI

**પ્રભુ કૃપાથી ઇઝરાયેલ ટુર -૨૦૧૬ નું આયોજન કરેલ છે.**
**દેશ-પરદેશના ઇચ્છુક ભાઇ-બહેનોને આ ટુરમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ છે. આ ટુરમાં આપ જોઇ શકશો**

**ઇઝરાયેલ, ઇજીપ્ત, જોર્ડન, દુબાઇ બતાવીશું.**
Tour Date 18 May '16,Sept.16
November,2016
**પેકેજ પ્રાઇસમાં સામેલ છે. એરટિકિટ, નાસ્તો, લંચ,ડીનર, એન્ટરન્સ ફીએરપોર્ટ ટેક્સ, વીઝાફી, ખાસ ટીપ((Tips),એરફેર, હોટેલ્સ, ગાઇડ ફી,વાહનભાડાં સામેલ છે. અન્ય કોઇ છુપો ખર્ચ નહિ. ગુજરાતીમાં અનુવાદ સાથે સમજ આપવામાં આવશે. ટુરમાં જોડાવા માટે રૂ ૧૫૦૦૦/-ડિપોઝીટ પેટે મોકલવાના રહેશે.**

**પ્રાર્થન પોલ ગોહિલ,**
C/40,નતાશા પાર્ક રેસીડેન્સી- , નિઝામપુરા, વડોદરા. ૩૨૦૦૨૪ મોબાઇલ નં. ૯૮૭૯૪૪૩૩૭૪,૯૪૨૮૬૯૧૦૮૦
E.mail ID : prarthgohil@gmail.com
* * * * * * * * * * * * * *


# તાતા ગ્રુપની તપાસ કરવા એસઆઇટીની રચનાની માંગણી કરતાં ભાજપના સાંસદ સુબ્રમણ્યમ સ્વામી

તાતા ગ્રુપમાં નેતૃત્વના મામલે ચાલી રહેલા વિવાદમાં ભાજપના સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ પણ ઝુકાવ્યુ છે. આમ તો તેઓ ગમે તે જગ્યાએ લોકોને ભેખડે ભરાવવા અને વિસ્ફોટક નિવેદનો કરવા માટે જાણીતા તો છે જ.તેમણે તાતા ગ્રુપની તપાસ કરવા માટે મલ્ટી એજન્સી સીટની રચના કરવાની માંગણી કરી છે. સાયરસ મિસ્ત્રીએ તાતા ગ્રુપ અને એર એશીયાના કરાર બાબતે કેટલાક ફ્રોડયુલન્ટ ટ્રાન્ઝેકશન્સ થયા હોવાનો આક્ષેપ કર્યો છે.એની તપાસ કરવા માટે મલ્ટી એજન્સી એસઆઇટીની રચના માટે સુબ્રમણ્યમ સ્વામીએ વડાપ્રધાને પત્ર લખ્યો છે.વડાપ્રધાને પાઠવેલા પત્રમાં સ્વામીએ જણાવ્યુ છે કે સીટમાં સીબીઆઇ,ઇડી અને સેબીના અધિકારીઓને સામેલ કરવા જોઇએ

## એનડીટીવી પરનો પ્રતિબંધ ગેરકાયદે :કાત્જુ

સુપ્રીમકોર્ટના નિવૃત જજ કાત્જુએ કહ્યુ હતું કે એનડીટીવી પરનો પ્રતિબંધ ગેરકાયદે છે.જો સંવેદનશીલ બાબતોનું લાઇવ કવરેજ ચાલતું હોય તો જ તેના પર પ્રતિબંધ મુકી શકાય


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો. નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386


# તાતા ગ્રુપમાં ઉભી થયેલ વહીવટી કટોકટીને કારણે વચગાળાના ચેરમેન તરીકે રતન તાતાની નિમણુંક કરાઇ

ભારતના સૌથી મોટા ઉદ્યોગગૃહોમાં જેની ગણના થાય છે તેવા તાતા ગ્રુપમાં ઉભી થયેલી વહીવટી કટોકટીને ઠારવા માટે ગ્રુપમાંથી રીટાયર્ડ થયેલા રતન તાતાને ફરીથી વચગાળાના ચેરમેન તરીકે નિમણુંક કરવામાં આવી છે.તાતા સન્સના ચેરમેન તરીકે સાયરસ મિસ્ત્રીને દુર કરવામાં આવ્યા છે.જો કે સાયરસ મિસ્ત્રીના ફેમીલી શાપુરજી પાલનજી મીસ્ત્રીનું તાતા સન્સમાં ૧૮.૫૦ ટકા જેટલું રોકાણ છે.એના ખરીદદારની શોધ રતન તાતા ચલાવી રહ્યા છે.આ માટે તાતા ફેમીલી ટ્રસ્ટે સોવરીન વેલ્થ ફંડ્સ અને અન્ય લોંગ ટર્મ ઇન્વેસ્ટર્સનો સંપર્ક કર્યો છે.જો કે મિસ્ત્રી ફેમીલીનો વિચાર એમનું હોલ્ડીંગ વેચવાનો નથી.

નવા ચેરમેન માટે એક કમિટીની રચના કરવામાં આવી છે.તે મુજબ કમીટી નવા ચેરમેન માટે ઉમેદવારોને શોર્ટલિસ્ટ કરવા માંડી છે.નોએલ તાતા ફાઉન્ડીંગ ફેમીલીના સભ્ય છે તેમજ સાયરસ મિસ્ત્રીના બનેવી છે.તેઓનું નામ પણ આ લીસ્ટમાં છે.જો કે કાનુની દાવપેચ શરુ થયા છે જે લાંબા ચાલશે.

# ભોપાલમાં સીમીના આઠ કાર્યકરોને પોલીસ એન્કાઉન્ટરમાં માર્યા ગયા

હાઇસીક્યોરીટી કહેવાતી ભોપાલની જેલમાંથી ફરાર થઇ ચુકેલા પ્રતિબંધિત કટ્ટરવાદી ઇસ્લામિક સંગઠન સીમી(સ્ટુન્ડસ ઇસ્લામિક મુવમેન્ટ ઓફ ઇન્ડીયા)ના આઠ કાર્યકર્તાઓને પોલીસે એન્કાઉન્ટરમાં ઠાર માર્યા હતા.પોલીસે એન્કાઉન્ટર માટે આપેલી સ્ટોરી જો કે શંકાસ્પદ છે પરંતુ એન્કાઉન્ટર થયા છે તે હકીકત છે.હાઇસીક્યોરીટી વાળી જેલમાંથી ફરાર બનેલા સીમીના કાર્યકરોને ઠાર મરાયા તે ઘટનાને શંકાની નજરે જોવામાં આવી રહી છે. તે મામલે રાજકીય વિવાદ પણ સર્જાયો છે.પોલીસ સામે ફરાર આરોપીઓ કરેલા ફાયરીંગ બાદ પોલીસે કરેલા ફાયરીંગને કારણે આઠેય સીમીના કાર્યકરો ઠાર મરાયા હતા.

# વિશ્વની તંદુરસ્ત ગણાતી મોટી લોકશાહી દેશમાં વ્યક્તિ પુજાને સ્થાન નથી

ભારત દેશની લોકશાહીને ગ્રહણ લાગ્યુ હોય તેમ લાગી રહ્યુ છે. વિશ્વ ભરમાં સૌથી મોટી લોકશાહી ભારતમાં છે તેના ગુણગાન ગાવામાં આવે છે. જયારે તામિલનાડુમાં વિધાનસભાની પેટાચુંટણી માટે ઉમેદવારી નોધવનારા અન્નાદ્રમુકના ત્રણ ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્રકો પર સુપ્રીમો જયલલિતાના જનરલ સેક્રટરી તરીકે હસ્તાક્ષર લેવાના બદલે અંગુઠાના નિશાન લીધા હતા.તામિલનાડુના મુખ્યમંત્રી છેલ્લા કેટલાક સમયથી બિમાર છે અને હોસ્પીટલમાં સારવાર હેઠળ છે.તેઓ પોતાના હસ્તાક્ષર નહી કરી શકે તેમ હોવાથી ચુંટણીના નિયમ મુજબ માન્ય પક્ષના ઉમેદવારે પક્ષના વડાના હસ્તાક્ષર ધરાવતું ફોર્મ રજુ કરવાનું હોય છે.ફોર્મમાં ચાર સહી કરવાની હોય છે.પરંતુ અન્નાદ્રમુકના ત્રણેય ઉમેદવારોના ફોર્મમાં જયલલિતાએ અંગુઠાના નિશાન આપ્યા હતા.ઉમેદવારી પત્ર પર થયેલા અંગુઠાના નિશાન એટેસ્ટ કરતાં મદ્રાસ મેડિકલ કોલેજના ડો.બાલાજીએ પણ નોંધ લખી હતી કે તેમની ઉપસ્થિતિમાં જયલલિતાએ આ અંગુઠાના નિશાન આપ્યા છે.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.